# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 13-02-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: THURSDAY** **National News**

આકાશવાણી સમાચાર બકુલા પરમાર વાંચે છે.

*****************************************************

1) ફ્રાન્સની સફળ મુલાકાત પૂર્ણ કર્યા પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વોશિંગ્ટન પહોંચ્યા.

2) વક્ફ (સુધારા) બિલ 2024 અંગેના અહેવાલ પર વિરોધ પક્ષોનાં સભ્યોના હોબાળા વચ્ચે લોકસભા બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત. રાજ્ય સભામાં બિલ રજૂ

3) નાણાંમંત્રી નિર્મલા સીતારમણ આજે લોકસભામાં આવકવેરા બિલ, 2025 રજૂ કરશે.

4) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ રેડિયો દિવસની શુભેચ્છાઓ પાઠવી છે

5) ઉત્તરાખંડમાં ચાલી રહેલા રાષ્ટ્રીય રમતોત્સવમાં આજે મહિલા અને પુરુષ હોકીમાં ફાઇનલ મેચો રમાશે

.....................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM IN USA

ફ્રાન્સની સફળ મુલાકાત પૂર્ણ કર્યા પછી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી વોશિંગ્ટન પહોંચ્યા છે. અમેરિકામાં ભારતીય રાજદૂત વિનય મોહન ક્વાત્રા અને અન્ય અધિકારીઓએ એરપોર્ટ પર પ્રધાનમંત્રી મોદીનું સ્વાગત કર્યું. કડકડતી ઠંડી વચ્ચે શ્રી મોદીનું સ્વાગત કરવા માટે ભારતીય સમુદાય બ્લેર હાઉસની બહાર હાજર હતો.

શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે અમેરિકન રાષ્ટ્રપ્રમુખ તરીકે કાર્યભાર સંભાળ્યા પછી, શ્રી મોદી અમેરિકાની મુલાકાત લેનારા પ્રથમ મુખ્ય વિશ્વ નેતાઓમાંના એક છે.
પ્રધાનમંત્રી મોદી તેમની મુલાકાત દરમિયાનવોશિંગ્ટન ડીસીમાં બ્લેર હાઉસમાં રોકાશે.

પ્રધાનમંત્રી મોદી રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથેવ્યક્તિગત અને પ્રતિનિધિમંડળ સ્તરની મુલાકાતો કરશે. પ્રધાનમંત્રી અમેરિકાના ઉદ્યોગપતિઓ અને ભારતીય સમુદાયના સભ્યો સાથે પણ વાતચીત કરશે.

. . . . . . . . . . . . . . . .

# PM--TULSI-GABBARD

અમેરિકાના નવા ડિરેક્ટર ઓફ નેશનલ ઇન્ટેલિજન્સ (DNI) તુલસી ગબાર્ડે આજે વોશિંગ્ટન ડીસીમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે મુલાકાત કરી હતી. મુલાકાત દરમિયાન, પ્રધાનમંત્રીએ શ્રીમતી ગબાર્ડ સાથેની તેમની અગાઉની વાતચીતોને યાદ કરી.

ચર્ચામાં દ્વિપક્ષીય ગુપ્તચર સહયોગ વધારવા, ખાસ કરીને આતંકવાદ વિરોધી, સાયબર સુરક્ષા, ઉભરતા જોખમો અને વ્યૂહાત્મક ગુપ્તચર માહિતીનું આદાન પ્રદાન કરવા પર ચર્ચા થઈ. તેમણે પરસ્પર હિતના પ્રાદેશિક અને વૈશ્વિક વિકાસ પર પણ વિચારોનું આદાન-પ્રદાન કર્યું, સુરક્ષિત, સ્થિર અને નિયમો-આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા પ્રત્યેની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી.

. . . . . . . . . . . . . . . .

# PARL -ADJOURN

વક્ફ (સુધારા) બિલ 2024 અંગે સંયુક્ત સમિતિના અહેવાલ પર વિરોધ પક્ષોનાં સભ્યોના હોબાળા વચ્ચે લોકસભા બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી છે. આ અહેવાલ આજે ગૃહમાં રજૂ થવાનો છે. આજે સવારે ગૃહની બેઠક મળી ત્યારે કોંગ્રેસ, ડીએમકે અને સમાજવાદી પાર્ટી સહિતનાં વિરોધ પક્ષનાં સભ્યોએ હોબાળો મચાવ્યો હતો.

અધ્યક્ષ ઓમ બિરલાએ વિરોધ પક્ષનાં  સભ્યોને ગૃહને સૂચિબદ્ધ કામકાજ શરૂ કરવાની મંજૂરી આપવા વારંવાર વિનંતી કરી. તેમણે કહ્યું કે, અહેવાલ રજૂ થયા પછી તેઓ સભ્યોને બોલવાની મંજૂરી આપશે. શ્રી બિરલાએ ઉમેર્યું કે, પ્રશ્નકાળ મહત્વપૂર્ણ છે અને હોબાળો કરવો યોગ્ય નથી. હોબાળો ચાલુ રહેતાં સ્પીકરે ગૃહને બપોરે 2 વાગ્યા સુધી સ્થગિત કરી દીધું. દરમિયાન કેન્દ્રીય મંત્રી જે. પી નડાએ વક્ફ બિલ મામલે વિપક્ષના વલણની ટીકા કરી હતી.

## (BYTE: J P NADDA)

દરમિયાન, વિરોધ પક્ષોનાં હોબાળા વચ્ચે રાજ્યસભામાં વક્ફ સુધારા બિલ પર સંયુક્ત સમિતિનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો છે.

રાજ્સભામાં વિપક્ષના નેતા મલ્લિખાર્જુન ખડગે અને સાંસદ નાસિર હુસૈને આરોપ લગાવ્યો કે સમિતિની બેઠકોમાં વિપક્ષના સભ્યો દ્વારા આપવામાં આવેલી નોંધોને અહેવાલમાં સમાવિષ્ટ કરવામાં આવી નથી. તેમણે આ અહેવાલમાં અસંમતિના મંતવ્યો નથી, તો તેને સમિતિને પાછા મોકલવા જોઈએ તેવી માંગણી કરી હતી..

તેના જવાબમાં, સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજુજુએ સ્પષ્ટતા કરી કે અહેવાલ, કાર્યવાહી અને અસંમતિની નોંધોનો કોઈ ભાગ કાઢી નાખવામાં આવ્યો નથી. તેમણે વિપક્ષ પર આ મુદ્દા પર ગૃહને ગેરમાર્ગે દોરવાનો આરોપ લગાવ્યો.

. . . . . . . . . . . . . . . .

# LS -BILL

આજે લોકસભામાં આવકવેરા બિલ, 2025 રજૂ થવાનું છે. આવકવેરા સંબંધિત કાયદાને એકીકૃત કરવા અને તેમાં સુધારો કરવાના ઉદ્દેશ્ય સાથે લાવવામાં આવેલ આ બિલને ગૃહની કાર્યવાહીમાં સૂચિબદ્ધ કરવામાં આવ્યું છે. નાણામંત્રી નિર્મલા સીતારમણે પોતાના બજેટ ભાષણમાં નવા આવકવેરા બિલની જાહેરાત કરી હતી. તેમણે એવી પણ જાહેરાત કરી કે, 12 લાખ રૂપિયા સુધીની વાર્ષિક આવક ધરાવતા લોકોએ કોઈ આવકવેરો ચૂકવવો પડશે નહીં.

. . . . . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . . .

## WORLD-RADIO-DAY-AKASHVANI

આજે વિશ્વ રેડિયો દિવસ છે. દર વર્ષે 13 ફેબ્રુઆરીએ, લોકોમાં રેડિયોના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવા વિશ્વ રેડિયો દિવસ આવે છે. આ વર્ષે વિશ્વ રેડિયો દિવસની વિષય વસ્તુ - રેડિયો અને આબોહવા પરિવર્તન રાખવામાં આવી છે .

. . . . . . . . . . . . . . . .

## PM WORLD RADIO DAY

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિશ્વ રેડિયો દિવસની શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે, સમાચાર અને સંસ્કૃતિથી લઈને સંગીત અને વાર્તા કહેવા સુધી, રેડિયો એક શક્તિશાળી માધ્યમ છે જે સર્જનાત્મકતા સાથે જોડાયેલું છે.

તેમણે રેડિયો સાથે સંકળાયેલા તમામ લોકોની પણ પ્રશંસા કરી હતી. પ્રધાનમંત્રીએ આ મહિનાની 23મી તારીખે રેડિયો ઉપરથી પ્રસારિત થનાર મન કી બાત કાર્યક્રમ માટે પોતાના સૂચનો મોકલવા માટે દેશવાસીઓને આમંત્રણ આપ્યું હતું.

. . . . . . . . . . . . . . . .

## RADIO DAY ALL INDIA RADIO PROGRAM

આજે વિશ્વ રેડિયો દિવસ પ્રસંગે આકાશવાણી અમદાવાદમાં એક દિવસના રેડિયો પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. પદ્મશ્રી કવિ તુષાર શુક્લએ આકાશવાણી ખાતે દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનું ઉદઘાટન કર્યું હતું. પ્રદર્શનમાં વર્ષો જૂના રેડિયો રજૂ કરવામાં આવ્યા છે. આ પ્રસંગે તુષાર શુક્લએ આકાશવાણીના પ્રાંગણમાં વૃક્ષા રોપણ પણ કર્યું હતું.

આજે શાળાના વિદ્યાર્થીઓએ આકાશવાણીની મુલાકાત લઈને લાઇવ પેઇન્ટીંગ કર્યું હતું.

. . . . . . . . . . . . . . . .

## RADIO MAN OF AMROHA – LUCKNOW

ઉત્તર પ્રદેશના અમરોહા જિલ્લાના રામસિંહ બુદ્ધને રેડિયો મેન તરીકે ઓળખવામાં આવે છે.

તેમનું મન કી બાત રેડિયો મ્યુઝિયમ ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં પણ નોંધાયેલું છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ તેમના 'મન કી બાત' કાર્યક્રમમાં પણ તેમનો ઉલ્લેખ કર્યો છે.

રામસિંહ બુદ્ધના મન કી બાત રેડિયો મ્યુઝિયમમાં 1 હજાર 257 અનોખા રેડિયો સેટ સચવાયેલા છે, જ્યારે રેડિયો સેટની કુલ સંખ્યા 1 હજાર 400 થી વધુ છે. સંગ્રહાલયમાં 1920 થી અત્યાર સુધીના રેડિયો મોડેલોનો સમાવેશ થાય છે. જેમાં સૌથી નાનો 3-ઇંચ અને સૌથી મોટો 1.5-મીટરનો રેડિયો પણ છે.

રામસિંહ બુદ્ધના જણાવ્યા પ્રમાણે આ રેડિયો સંગ્રહાલય બનાવવાનો હેતુ આવનારી પેઢીને રેડિયોના અનોખા ઇતિહાસથી પરિચિત કરાવવાનો છે. રેડિયો દિવસની શુભેચ્છા પાઠવતા તેમણે વધુમાં આ મુજબ જણાવ્યું હતું.

## (BYTE: રામસિંહ બુદ્ધ)

. . . . . . . . . . . . . . . .

# DAY UTTARAKHAND-NATIONAL GAMES

ઉત્તરાખંડમાં ચાલી રહેલા 38 રાષ્ટ્રીય રમતોત્સવમાં આજે મહિલા અને પુરુષ હોકીમાં ફાઇનલ મેચો રમાશે. મહિલા ગ્રૂપમાં મધ્યપ્રદેશ અને હરિયાણા તથા પુરુષોમાં મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશ વચ્ચે મુકાબલો થશે.

પુરુષોની મલખંબની ફાઇનલ મેચ ઉધમસિંહ નગરમાં ચક્રપુર સ્પોર્ટ્સ સ્ટેડિયમ ખાતે આજે રમાશે. ગઈકાલે પુરુષોની ભાલા ફેંક સ્પર્ધામાં ઉત્તરપ્રદેશનાં

સચીન યાદવે 84.39 મીટરનો થ્રો કરીને 10 વર્ષનો વિક્રમ તોડીને સુવર્ણ ચંદ્રક મેળવ્યો હતો.

ચંદ્રક ટેબલમાં સર્વિસિસ સ્પોર્ટ્સ કન્ટ્રોલ બોર્ડ 65 સુવર્ણચંદ્રક સાથે પ્રથમ છે, જ્યારે મહારાષ્ટ્ર 50 સુવર્ણચંદ્રક સાથે બીજા અને હરિયાણા 39 સુવર્ણચંદ્રકો સાથે ત્રીજા ક્રમે છે.

. . . . . . . . . . . . . . . .

# RAJSTHAN ACCIDENT

રાજસ્થાનના કોટામાં આજે મહાકુંભના 57 યાત્રાળુઓની બસને થયેલા અકસ્માતમાં 3 લોકોના મોત અને 2 લોકો ઇજાગ્રસ્ત થયા હતા.

દિલ્હી-મુંબઈ રાષ્ટ્રીય ધોરી માર્ગ ઉપર પ્રયાગરાજના મહાકુંભ મેળામાંથી પરત ફરતી બસ વહેલી સવારે ટ્રક સાથે અથડાતાં અકસ્માત સર્જાયો હતો. યાત્રાળુઓ મધ્ય પ્રદેશના મંદસૌર જઈ રહ્યા હતા

. . . . . . . . . . . . . . . .

# JORDAN - PALESTINE

જોર્ડનના પ્રધાનમંત્રી જાફર હસને કહ્યું કે, તેમનો દેશ ગાઝાના 2,000 બીમાર બાળકોને તબીબી સારવાર આપવા માટે તૈયાર છે.

જોર્ડનની સરકારી પેટ્રા ન્યૂઝ એજન્સી અનુસાર, પ્રધાનમંત્રી હસને જોર્ડનના સ્પષ્ટ અને અડગ વલણને ફરીથી સમર્થન આપ્યું છે. તેમણે કહ્યું કે, પેલેસ્ટાઇન નિવાસીઓનું પુનર્વસન કે વિસ્થાપન થવું જોઈએ નહીં. તેમણે એમ પણ ઉમેર્યું કે, પેલેસ્ટાઇનના નાગરિકોના મુદ્દાનો કોઈ ઉકેલ જોર્ડનના ભોગે ન આવવો જોઈએ.

જોર્ડનના રાજા અબ્દુલ્લા દ્વિતીયએ વોશિંગ્ટનની મુલાકાત દરમિયાન ગાઝા પટ્ટીમાં પેલેસ્ટાઇનના નાગરિકોને સ્થળાંતર કરવાના અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના પ્રસ્તાવને નકારી કાઢ્યાના એક દિવસ પછી શ્રી હસને આ ટિપ્પણી કરી હતી.

. . . . . . . . . . . . . . . .